EMPLOYMENT ONTARIO
Ontario's employment & training network

Ontario

## વિશેષ શિખાઉ ઉમેદવાર તાલીમ પ્રોગ્રામો (Special Apprenticeship Training Programs)

**કયા પ્રોગ્રામો અને સેવાઓ ઉપલબ્ધ છે?**

**શિખાઉ ઉમેદવાર તાલીમ લેવા પહેલાંનો પ્રોગ્રામ [Pre-Apprenticeship Training Program]:**

શિખાઉ ઉમેદવાર તાલીમ લેવા પહેલાંનો પ્રોગ્રામ [The Pre-Apprenticeship Training Program] માલિકોને જોઈતી કેળવણીઓ અને નોકરીની જરૂરત ધરાવતા લોકોના શીક્ષણ અને અનુભવની વચ્ચેના ગાળાને પૂરો કરે છે. આ પ્રોગ્રામ શિખાઉ ઉમેદવાર તાલીમ પ્રક્રિયામાં આવવા વાળા ભાવિ શિખાઉ ઉમેદવારોને તેમની નોકરી સંબંધી કેળવણીઓ અને કાર્ય સંબંધી તૈયારીના વિકાસમાં મદદ કરે છે જેથી તેમને ટ્રેની તરીકે કામ મળી શકે.

પ્રોગ્રામ 40 અઠવાડિયા સુધીના હોય છે અને એમાં ધોરણ 1 ની ટ્રેનીશિપની સ્કૂલમાં તાલીમ, યોગ્ય સુરક્ષા તાલીમ અને ઓછામાં ઓછી 8–અઠવાડિયાની કાર્ય સંબંધી પ્લેસમેન્ટ સામેલ હોય છે. પ્રોગ્રામોમાં કાર્ય સંબંધી તૈયારી, નોકરી માટેણી તૈયારી અને વિદ્વતામાં વિકાસ પણ સામેલ હોઈ શકે છે.

શિખાઉ ઉમેદવાર તાલીમ લેવા પહેલાંના પ્રોગ્રામમાં ભાગ લેવા કોઈ પણ ખર્ચ કરવાની જરૂર નથી. એની ઉપરાંત, તમને આ તાલીમમાં અભ્યાસ પુસ્તકો, સુરક્ષા ઉપકરણ અને ઉપસાધન પણ સામેલ હોય છે.

**કોણ ભાગ લઈ શકે?**

શિખાઉ ઉમેદવાર લેવા તાલીમ પહેલાંના પ્રોગ્રામમાં વિવિધ પ્રકારના લોકો ભાગ લઈ શકે છે, જેમાં નીચેનો સમાવેશ થાય છેઃ

- હાઈ સ્કૂલ ગ્રેજયુએટ
- જેમને શાળા જલ્દી છોડી છે
- રોજગાર વિના/ઓછા રોજગાર વાળા યુવાન અને પુખ્ત વયના લોકો
- EI યોગ્ય
- એબોરિજિનલ લોકો
- કેનેડામાં નવા આવનારાઓ

નોંધઃ કેટલાક વિશિષ્ટ કાર્યક્રમોને માટે ખાસ યોગ્યતાઓ છે.

**હું શિખાઉ ઉમેદવાર તાલીમ લેવા પહેલાંના પ્રોગ્રામથી લાભ કઈ રીતે લઈ શકું છું?**

પૂરા વર્ષમાં ઘણી સંસ્થાઓ, દાખલા તરીકે, કોલેજો, અધિકૃત ટ્રેનીશિપ પ્રદાતાઓ, સામુદાયિક એજન્સિઓ જુદા જુદા સમયે શિખાઉ ઉમેદવાર તાલીમ પહેલાંના પ્રોગ્રામમાં ચલાવે છે. જે વ્યક્તિઓને કોઈ પણ શિખાઉ ઉમેદવાર તાલીમ પહેલાંના પ્રોગ્રામમાં ભાગ લેવાની ઈચ્છા હોય, તે તાલીમ આપનાર સંસ્થાને સીધો સંપર્ક કરી શકે છે. સ્થાનિક પ્રોગ્રામો વિશે વધારે જાણકારી માટે લોકો મંત્રાલયને સંપર્ક કરી શકે છે.

***વધારે માહિતી માટેઃ***

1-800-387-5656
(416) 326-5656 (ટોરોન્ટો)

www.ontario.ca/employmentontario

ISBN 1-4249-2445-6